सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૩ જુલાઈ - ૨૦૦૩ અંક ૧

## વાલીઓને...

હાલના અભ્યાસક્રમમાં પાંચ વિષયો મુખ્ય ગણાય છે તે આપણે જાણીએ છીએ.આ વિષયો છે : ગુજરાતી, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને સમાજવિદ્યા. માતૃભાષાને કારણે ગુજરાતી અઘરો વિષય બનતો નથી અને વિજ્ઞાન અને સમાજવિદ્યા વર્ણનાત્મક હોઈ તેનું લાંબાપણું કઠે છે, પરંતુ તે વિષય વિદ્યાર્થી પોતાની રીતે સ્વાધ્યાયથી કરી શકતા હોય છે.

ગણિત ખૂબ અઘરો વિષય છે તેવી મેલી મથરાવટી આ વિષયને લાગેલી છે. જે તદ્દન અનુચિત છે. ગણિત અઘરો અને કંટાળાજનક વિષય લાગતો હોય તો તેનું કારણ યાંત્રિક રીતે પુનરાવર્તન કર્યા કરવાની પધ્ધતિ છે. એકાદ બે દાખલા ગણીને યાંત્રિક રીતે ૫-૨૫ દાખલા આપી દેવાથી ગણિત આવડી જતું નથી અને તે કંટાળાજનક બને છે અને અઘરો વિષય હોય તેવો પૂર્વગ્રહ ઉભો થાય છે.

ગયા 'શારદ'માં મેં સુગણિતમ્ વિષે જણાવતા લખ્યું હતું કે સુગણિતમ્ ટ્રસ્ટ ગણિતને રસમય બનાવવા માટે અત્યંત ઉત્સાહથી કાર્યરત છે. સુગણિતમ્‌ના ટ્રસ્ટીઓએ આ કામ માનદ્ રીતે ઉપાડયું છે તે આપણું સદ્‌ભાગ્ય છે.

શ્રેણી ૫,૬,૭ના ગણિતને વાલીઓ વિદ્યાર્થીઓને સમજાવી શકે તેવું આયોજન ઘણા વખતથી મનમાં વિચારાતું હતું. આ સત્રની શરૂઆતમાં શ્રેણી ૫,૬,૭ના વાલીઓને એક પત્રિકા આપીને જેમને આમાં રસ હોય તેઓ પોતાના નામ રજીસ્ટર કરાવે તેવું જણાવ્યું હતું.મને જણાવતા આનંદ થાય છે કે વાલીઓએ આ માટે પ્રોત્સાહક પ્રતિભાવ આપ્યો હતો. પરંતુ સંખ્યાની મર્યાદાને કારણે ૬૦-૬૫ નામો થતા તેમના માટેનો વર્ગ પ્રથમ પ્રયોગ તરીકે લેવો તેવું વિચારી તા.૬ઠ્ઠી જુલાઈના રોજ સવારે ૧૦-૩૦ વાગે બધા જ વાલીઓ વિદ્યાર્થી બનીને આવ્યા તે જોયું. આ દિવસે કાર્યક્રમ કયા પ્રકારનો છે તેની માહિતી આપવામાં આવી અને સુગણિતમ્ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી પ્ર.ચૂ.વૈદ્ય, શ્રી રાવ સાહેબ જેવા ગણિતજ્ઞોએ આ અંગે કેટલુંક જણાવ્યું. વાલીઓની કઈ અપેક્ષા છે તે સમજ્યા અને નિયમિત વર્ગો ૧૩મી જુલાઈના રોજ શરૂ થયા. ૧૦-૧૫ થી વર્ગ વાલીઓ સાથે ભરાવા લાગ્યો અને ૧૦-૩૦થી દોઢ બે કલાક જેટલો ગાળો અત્યંત રસપ્રદ રીતે ગણિતનો લ્હાવો વાલીઓએ લીધો.

મુખ્ય વાત એ છે કે ગણિત યાંત્રિક રીતે આપવાથી તે કંટાળાજનકબને છે પરંતુ તેની પાછળનો તર્ક સમજવાથી તે રસમય બની જાય છે. બાલમંદિરમાં ક્રિયાત્મક સાધનો આ વસ્તુ સ્પષ્ટ કરે છે તે હું જણાવું તો અયોગ્ય નથી. જે વાલીઓ આ પ્રોજેક્ટમાં જોડાવા માંગતા હોય તેઓ માટે બીજી બેચ માટેનું આયોજન પણ અમે વિચારીએ છીએ અને તેઓ નિરાશ નહીં થાય તેમ જણાવતા આનંદ થાય છે.

અંગ્રેજી વિષય વિશે આવતા શારદમાં થોડું જણાવીશું.

અનુભાઈના
ના વંદન

## સંસ્થાનું ગૌરવ

આ સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની જ્યોતિ અમૃતલાલ શાહ ( હવે પ્રો.જ્યોતિ કિરીટ પરીખ)ના માનમાં ૬,૭ જુલાઈના દિવસોમાં એક સીમ્પોઝીયમનું આયોજન થયું.Indira Gandhi Institute of Devlopment Reasearch ( IGIDR.) ની પ્રતિષ્ઠિત સંસ્થામાં આ સંસ્થાના આરંભકાળથી જ તેઓ પ્રોફેસર તરીકે કામ કરતા આવ્યા છે અને ઉર્જા અને વિકાસને લગતા વિવિધ પાસામાં તેમણે આપેલા પ્રદાનની કદર રૂપે આ સીમ્પોઝીયમનું આયોજન થયું હતું અને તેના ઉદ્‌ઘાટક તરીકે ભારતના રાષ્ટ્રપતિ ભારતરત્ન ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ આવ્યા હતા. આ સીમ્પોઝીયમનો વિષય હતો - Energy, Environment And Sustainable Devlopment. નિષ્ણાતોની આ પેનલ ચર્ચા ઉપરાંત Technology and development ; Emerging Perspectives ; Linking of Rivers જેવા વિષયો પર CSIR,Delhi ના ડાયરેકટર,ડૉ.આર.મશેળકર અને લીંકીંગ પ્રોજેક્ટના અધ્યક્ષનાં વ્યાખ્યાનો થયાં હતાં. આ સીમ્પોઝીયમ ઉપરાંત બે વર્કશોપનું પણ આયોજન થયું હતું.

બેન જ્યોતિ IGIDR માં જોડાયા તે અગાઉ ઓસ્ટ્રીયામાં International Institute of Applied Systems Analysis નામની સંસ્થામાં કામ કર્યું. ઉપરાંત ટોકિયોમાં Institute of Advance Studies માં ૧૯૯૫-૯૬માં તેઓએ વિઝીટીંગ પ્રોફેસર તરીકે કામ કર્યું. તેમણે આજ સુધીમાં ૨૦૦ જેટલા સંશોધન પેપર તેમજ ઉર્જા,પર્યાવરણ,સૈધ્ધાંતિકભૌતિકશાસ્ત્ર જેવા વિષયો ઉપર ૨૦ પુસ્તકો લખ્યા છે.અને ૧૨વિદ્યાર્થીઓને Ph.D માટે માર્ગદર્શન આપ્યું છે. તેમને અનેક પારિતોષિક પ્રાપ્ત થયા છે. તેમજ જાપાન ફાઉન્ડેશન ફોર યુનાઈટેડ નેશન્સ દ્વારા બ્રુતોસ ઘાલિસ એવોર્ડ (૧૯૯૫) તથા ભાસીન એવોર્ડફોર એનર્જી એન્ડ એનવાયરનમેન્ટ ૧૯૮૮માં, સીસ્ટમ્સ સોસાયટી ઓફ ઈન્ડીયા તરફથી ઉર્જા અને પર્યાવરણ ક્ષેત્રે આપેલા પ્રદાન બદલ સુવર્ણચંદ્રક ૧૯૯૭માં, ગોલ્ડન જ્યુબીલી ઓફ ઈન્ડીયાઝ ઈન્ડીપેન્ડન્સ એવોર્ડ ફોર એનર્જી એફિશિયન્સી અને ૨૦૦૦ની સાલમાં વિમેન્સ એચીવમેન્ટ એવોર્ડ પ્રાપ્ત થયા.અમેરીકાની યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડમાંથી સૈધ્ધાંતિક ભૌતિકશાસ્ત્રમાં ડોકટરેટ મેળવનાર બેન જ્યોતિએ ૧૯૫૭માં શારદામંદિરમાંથી એસ.એસ.સી.બોર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મહારાષ્ટ્ર - ગુજરાત માટેના આ એક જ બોર્ડમાં બેન જ્યોતિએ સમગ્ર બોર્ડમાં બીજું અને ગુજરાતમાં પહેલું સ્થાન પ્રાપ્ત કર્યું. આવા મહત્વના કાર્યક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરવા બદલ એમને આવું બહુમાન મળે તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદનો વિષય છે. બેન જ્યોતિની આગવી સિધ્ધિ બદલ સંસ્થા વતી અભિનંદન આપતા હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું અને તેની બૌધ્ધિક પ્રતિભાનો હજુ પણ વધારે લાભ મળ્યા કરે તેવી શુભેચ્છા પાઠવું છું.

અનુભાઈના
ના વંદન

**'અર્ચને વર્ગમાં કેમ લખ્યુ નહીં ?'**

"બેન ! મારા અર્ચનને કાલે એના બહેને બહાર ઉભો રાખ્યો હતો અને એટલે એ કશું જ લખ્યા વિના આવ્યો છે. આટલા છોકરાને બહાર ઉભો રાખે ? આવી તે શિક્ષા થતી હશે ?.."

"ના, ના, ન જ ચાલે, તમે બેસો, હું હમણાં જ તપાસ કરું છું આવું કેવી રીતે થાય ?"

"ના બેન! આ તો તમારું ધ્યાન દોર્યું, મારે ઓફિસ જવાનું મોડું થાય છે, હું નીકળું."

"ના ભાઈ.. આ કામ તો ઓફિસ કરતાં ય મહત્વનું છે. આવી ભૂલને તો ઉગતી જ રોકવી પડે,તમે થોડી વાર બેસો હું પૂરી તપાસ કરી લઉં."

અને મેં પહેલા ધોરણમાંથી અર્ચનને બોલાવ્યો.

'અર્ચન બેટા ! કાલે શું થયું હતું ? બેને તને કેમ વર્ગની બહાર ઉભો રાખ્યો હતો ? કંઈ થયું હતું દીકરા ?'

"ના બેન ! કંઈ નથી થયું, મને બહાર નહોતો ઉભો રાખ્યો.."

અર્ચનના પપ્પા ઘડીભર સડક થઈ ગયાં, "તું તો ઘેર કહેતો હતો કે બેને બહાર ઉભો રાખ્યો હતો એટલે નથી લખ્યું ? બોલ ! સાચું શું છે ? ખબરદાર જો જુઠ્ઠું બોલ્યો છે તો .."

"ભાઈ ! તમે એમ આકળા ન થાવ, બાળક કયારે ય જુઠ્ઠું બોલતું નથી, એનામાં Guilt complex એમ ઉભો ન કરશો એવું કહેવા પાછળનું કારણ શોધવું પડશે.. ધીરજ રાખો."

'બેટા..શું થયું હતું, તે મને શાંતિથી કહે.. તેં કેમ નહોતું લખ્યું ?'

"બેન ! મમ્મીએ નોટ નહોતી લાવી દીધી.. નોટ વિના હું શેમાં લખું ? એટલે બેને કહ્યું કે કાલે લખજે આજે ચોપડી વાંચ.."

'તે બેન એને ચાર પાના ન આપી શકે ? છોકરું ન લાવે તો એટલું ય તમે ન કરો ? અર્ચનના પપ્પાની હજી અકળામણ ઓછી થતી ન હતી.

'ભાઈ ! શિક્ષક કંઈ વર્ગમાં પાના લઈને તો ન જ જાય..ને !'

'તે કોઈની નોટમાંથી ચાર પાના ફાડી અપાય..'

' ભાઈ ! તમારા અર્ચનની નોટમાંથી હું પાના ફાડું તો તમને ગમશે? કોઈ છોકરાની નોટમાંથી પાનાં કેવી રીતે ફડાય ? ભાઈ ! આખું વેકેશન પૂરું થયું, તમે બાળકને માટે નોટો લાવવાનો સમય ન કાઢી શકયા ?

'પણ અર્ચન,તારે સાચું કહેવું જોઈએ ને ? મમ્મીને આવું કેમ કહ્યું ? આવું કહેવાય ?'

'તો જ મમ્મી જલ્દી નોટ લાવી દે ને ! '

બાળકનો આ તર્ક સાંભળી અર્ચનના પપ્પા પણ વિચારમાં પડી ગયા. બાળકની આપણે ઉપેક્ષા કરીએ છીએ, તેને માટે સમય ફાળવી શકતા નથી અને ઉપરથી ઘેર આવે એટલે 'લખ્યું કેમ નથી ?' કહેતાં સત્તાવાહી સ્વરે તેને ધમકાવતાં જ પૂછીએ ત્યારે એ નિર્દોષ નાદાન બાળક મૂંઝાય છે અને નોટ જલ્દી કેવી રીતે આવે ને બીજે દિવસે ફરી આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે તેનો તર્ક ચલાવે છેજૂઠ્ઠું બોલવાનો એનો આશય નથી હોતો પણ આવું કહીશ તો જ મા તરત નોટો લાવી આપશે તેવી બાલસહજ બુધ્ધિથી વિચારે છે અને આવુ કહે છે. આપણે તે સાંભળી અકળાઈ ઉઠીએ છીએ ને અંદરથી કંઈ જુદુ જ નીકળે છે.

નંદિતાના મમ્મીએ ફરીયાદ કરી 'બેને તેને માર્યું..' બાળકને હાથ ઉપાડાય જ નહીં.. એ સૌ જાણે છે આવું કેમ બને ? તપાસ કરી તો જાણવા મળ્યું, નંદિતા તેની બાજુની છોકરી સાથે વાતો કરવામાં પડી હતી, લખવાનું રહી ગયું હતું, ઘેર મમ્મી નોટ જોશે તો વઢશે જ, હવે ? બાલમાનસ તર્ક કરે છે એમ જ કહી દઉં કે 'બેને માર્યું એટલે ન લખી શકી..' એટલે મમ્મી વઢે તો નહીં, પણ નંદિતાના મમ્મી અકળાતાં અકળાતાં આવ્યાં ને ઊંડી તપાસ કરી તો વાત જુદી જ નીકળી.

પહેલાં બીજાં ધોરણના બાળકો સાવ નાના છે એની પાસે કેટલીક અપેક્ષા રખાય ? એતો નિજાનંદની મસ્તીમાં મહાલતું હોય, કયારેક લખવાનું અધૂરું રહી જાય તો શું આભ તૂટી પડવાનું છે ? દરેક મા શિક્ષિત તો હોય છે જ, વર્ગમાં પૂરું ન લખ્યું તો થોડું ઘરે લખાવીને પૂરું કરવાનું, હજી તો શાળા છૂટે, છ કલાકે બાળક છૂટે ને વ્હાલથી માને ભેટવા દોડતું હોય ત્યાં તો તેનું દફતર લઈ માતાઓ કેટલું લખ્યું છે તે અધીરાઈથી જોવા માંડે છે તયારે મને થાય છે વર્ગમાં શિક્ષક બોર્ડ પર લખે એ શું બ્રહ્મ વાકયો હોય છે ! બધું જ ન ઉતારે તો શું એ અભણ રહી જવાનું છે ? તેને લખવામાં રસ પડે, લખતા આવડે, નવું નવું જાણવાની જીજ્ઞાસા થાય, એવું વાતાવરણ ઊભું કરવાને બદલે બધું જ લખીને આવવાનાં હઠાગ્રહથી આપણે બાળકને ભણવા પ્રત્યેનો અણગમો ઉભો કરીએ છીએ, અને પછી એને ટોકીએ છીએ, 'ભણવું જ કયાં ગમે છે ?' ભણતરને ભારરૂપ બનાવવામાં એને પ્રત્યે અણગમો ઉભો કરવામાં આપણે બહુ જ જવાબદાર છીએ.

**ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

બાલવાડીનું પ્રથમ સત્ર ૧૨મી જૂનથી શરૂ થયું. જૂન માસમાં ૭૫ બાળકોએ બાલવાડીમાં આગમન કર્યું. એક જ અઠવાડિયામાં બાળકો રસપૂર્વક પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. રમતનાં મેદાનમાં મન મૂકીને રમવું, સંગીતમાં તન્મય બનીને અભિનય સાથે ગીતો ગાવા, ઉદ્યોગમાં મોતીકામ અને માટીકામમાં બાળકો રસપૂર્વક ભાગ લેતાં થયાં છે. મુક્ત વ્યવસાયના સાધનો પર બાળકો સ્થિરતાથી હવે રમવા લાગ્યાં છે, બાળકોને બાલવાડીનું હરીયાળુ વાતાવરણ ખૂબ જ મોકળાશભર્યું લાગે છે.

વાર્તા સાંભળવી, જોડકણાં ગાવા અને નાસ્તો કરતી વખતનાં સામાન્ય નિયમોથી હવે બાળકો પરિચિત થવા લાગ્યાં છે.

જુલાઈ મહિનાથી બાળકોએ જીવનવ્યવહાર અને ઈંદ્રીય શિક્ષણના પાઠની શરૂઆત કરી છે. ફ્રેનલબોર્ડ પર પાળેલા પશુ તથા જંગલી પશુઓનો પરિચય તેઓએ મેળવ્યો છે.

જુલાઈની દસમીથી ચોથી ટુકડીનાં પચીસ બાળકોનું બાલવાડીમાં આગમન થયું છે.

તા.૨૨-૭-૦૩એ બાલવાડીનાં બાળકોને માંકડાનો ખેલ બતાવવાનું આયોજન કરવામાં આવ્યું.

ગૌરીવ્રતમાં સુંદર મજાનાં રંગબેરંગી ચણિયાચોળી પહેરીને બાળાઓ માથે જ્વારા મૂકી ગરબે ઘૂમી. એમનો આનંદ માતો ન હતો.

### બાલમંદિર

બાલમંદિરમાં બાળકો હવે સરસ ગોઠવાવા માંડયા છે. બાલમંદિરના પ્રેમભર્યા અને ઉમંગભર્યા વાતાવરણમાં ઓતપ્રોત થવા માંડયા છે. વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેવા માંડયા છે.

તાલીમનાં બાળકોને બાગકામનાં સાધનોની અને પાંચ ધાનની સમજ આપી, બાળકો પાસે સમૂહમાં જ્વારા વવડાવ્યાં હતા. રોજેરોજ તેને પાણી પાઈને વધતાં જ્વારાનું નિરિક્ષણ કરવાનું બાળકોને ખૂબ ગમે છે. એ જ જ્વારાને માથે લઈને બહેનોએ 'ગોરમાનો વર કેસરિયો' વિગેરે ગરબાગાઈને સુંદર રંગબેરંગી ચણીયાચોળી પહેરીને ઉત્સાહથી ગૌરીવ્રતની ઉજવણી પાંચ દિવસ સુધી કરી હતી.

હવે તાલીમના બાળકો સ્થાપનાદિન અને જન્માષ્ટમીની ઉજવણીની તૈયારીમાં મગ્ન બની ગયાં છે.

બાલમંદિર 'બ'વિભાગ અને તાલીમના બાળકોએ જલારામમંદિરની મુલાકાત લીધી. ભગવાન સામે ભાવપૂર્વક બેસી ધૂન ગાઈ અને પછી પ્રસાદનો આસ્વાદ માણ્યો.

તા.૨૨-૭-૦૩ને દિવસે માંકડાના ખેલનું આયોજન કરવામાં આવ્યું.

## શિશુમંદિર

તા.૩-૬-૦૩નાં રોજ ધોરણ ૫,૬,૭નાં મહામંત્રી ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ. જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા છે.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ( ભાઈઓ ) | છપ્પન હર્ષિલ |
| | ( બહેનો ) | વોરા આશ્કા |
| ઉપમંત્રી | ( ભાઈઓ ) | પંચાલ અચ્યુત |
| | ( બહેનો ) | ભટ્ટ દીવા |

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| ધવલગિરિ | (ભાઈઓ ) | નેતા | શાહ સ્વપ્નિલ એ. |
| | | ઉપનેતા | શાહ સ્વપ્નિલ એસ. |
| | ( બહેનો ) | નેતા | પરીખ હર્નીશા |
| | | ઉપનેતા | ત્રિવેદી આત્રઋષિ |
| મેઘનાદ | (ભાઈઓ ) | નેતા | આચાર્ય પ્રીત |
| | | ઉપનેતા | પટેલ સાહિલ |
| | ( બહેનો ) | નેતા | પટેલ પંક્તિ |
| | | ઉપનેતા | શાહ હિર્વીતા |
| રત્નદીપ | ( ભાઈઓ ) | નેતા | ઠક્કર હર્ષુલ |
| | | ઉપનેતા | શાહ નિસર્ગ |
| | ( બહેનો ) | નેતા | શાહ નેન |
| | | ઉપનેતા | બલર નિકિતા |
| ગંગોત્રી | ( ભાઈઓ ) | નેતા | સરખેદી ભૌમિક |
| | | ઉપનેતા | મોદી કરન |
| | ( બહેનો ) | નેતા | જોષી માનુષી |
| | | ઉપનેતા | શાહ અનુજા |

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

| | **વકતૃત્વ સ્પર્ધા :** | **તા.૧૭-૭-૦૩** |
|---|---|---|
| પ્રથમ | શાહ સંવિત | ( રત્નદીપ ) |
| દ્વિતીય | શાહ ખુશાલી | ( રત્નદીપ ) |
| | તલાટી હેમલ | ( ગંગોત્રી ) |
| તૃતીય | શાહ શીલ | ( ધવલગિરિ ) |
| | છપ્પન હર્ષિલ | ( ધવલગિરિ ) |
| | દેસાઈ ભાગ્યશ્રી | ( રત્નદીપ ) |
| | પાઘડાર રીચા | ( મેઘનાદ ) |

તા.૬-૭-૦૩ના રોજ સવારે ૧૦-૩૦ વાગે શાળામાં ધોરણ ૫, ૬ , ૭ના વિદ્યાર્થીઓના વાલીઓને માટે એક કાર્યક્રમ ' ગણિત બાળકોને કેવી રીતે શીખવવું ? ' તે વિષય અંગે યોજાયો. જેમાં ડૉ.પી.સી.વૈદ્ય , કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના પ્રો.એ.આર.રાવ , ભવન્સ કૉલેજના પ્રિન્સીપાલ ડૉ.કે.એન.દેસાઈ , મણીનગર સાયન્સ કૉલેજના પ્રાધ્યાપક એન.એન. રાઘેલિયા, શ્રી એન.આર. લાધાવાલા જેવા ગણિતના વિદ્વાન સારસ્વતોએ હાજર રહી બાળકોને ગણિત શીખવવા અંગેની સમજ વાલીઓને આપી. હવે દર મહિનાના પહેલા રવીવારે આ માટેના વર્ગો રજીસ્ટર થયેલાં વાલીઓ માટે લેવામાં આવનાર છે.

## વિનયમંદિર

ધો.૮,૯,૧૦નાં મહામંત્રી, ઉપમંત્રીની ચૂંટણી યોજાઈ જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો ચૂંટાયેલા જાહેર થયા.

| | | |
|---|---|---|
| મહામંત્રી | ( ભાઈઓ ) | પારેખ સાગર |
| | ( બહેનો ) | શાહ વૈદેહી |
| ઉપમંત્રી | ( ભાઈઓ ) | દવે પક્ષ્મન |
| | ( બહેનો ) | શાહ કક્ષા |

ઈતરપ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતા, ઉપનેતાની વરણી કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| મેઘદૂત | ( ભાઈઓ ) | નેતા | શાહ અનિક |
| | | ઉપનેતા | પાઠક મોહિત |
| | ( બહેનો ) | નેતા | દોશી વૃષાંકી |
| | | ઉપનેતા | શાહ પૂજા |
| ગીતગોવિંદ | (ભાઈઓ) | નેતા | ત્રિવેદી રાજ |
| | | ઉપનેતા | પટેલ મનન |
| | ( બહેનો ) | નેતા | કોટ રાજસી |
| | | ઉપનેતા | મનાણી કૃપાલી |
| પદ્મપુકુર | ( ભાઈઓ ) | નેતા | શાહ રૂચિશ |
| | | ઉપનેતા | ગોર મંથન |
| | ( બહેનો ) | નેતા | મહેતા કરિશ્મા |
| | | ઉપનેતા | જોષી શૈલી |
| ચંદ્રમૌલિ | ( ભાઈઓ ) | નેતા | મહેતા રવિશ |
| | | ઉપનેતા | વ્યાસ જયસજ |
| | ( બહેનો ) | નેતા | ત્રિવેદી ભૂમિ |
| | | ઉપનેતા | શાહ શૈલી |

આંતરગૃહ વકતૃત્વ સ્પર્ધા તા.૧૬-૭-૦૩નાં રોજ યોજાઈ હતી. જેમાં નીચેના વિદ્યાર્થી ભાઈબહેનો વિજેતા બન્યાં.

| | | |
|---|---|---|
| પ્રથમ | ત્રિવેદી ભૂમિ | ( ચંદ્રમૌલિ ) |
| દ્વિતીય | દેસાઈ જયાયસી | ( ગીતગોવિંદ ) |
| | શાહ કક્ષા | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | દેસાઈ રાજદીપ | ( મેઘદૂત ) |
| | શાહ રિપ્મા | ( મેઘદૂત ) |
| | જોષી ઉર્જિત | ( મેઘદૂત ) |

દર્પણ એકેડમી ઑફ પરફોર્મિંગ આર્ટસ તરફથી 'અમારી વાતો'ના વિષયના ઉપક્રમે યોજાયેલ Quiz માં શાળાનાં વિદ્યાર્થીઓ પારેખ સાગર તથા ત્રિવેદી ભૂમિએ ભાગ લીધો.

દિવ્ય ભાસ્કરનાં સ્કુલ ભાસ્કર માટે શાળામાંથી પારેખ સાગર, મહેતા કુશાન, પંચાલ અચ્યુત, તથા શાહ ચિનારની 'કબ રીપોર્ટર' તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

**બોર્ડના પરિણામ** :- માર્ચ ૨૦૦૩માં લેવાયેલ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહનું શાળાનું પરિણામ ૯૦.૯૦ % આવ્યું છે. એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૮.૧૪ % આવ્યું છે. ન્યુ એસ.એસ.સી.નું પરિણ ૯૬.૦૨ % આવ્યું છે

ન્યુ એસ.એસ.સી.માં ઝવેરી જીનાલી હિરેનભાઈ કેન્દ્રમાં દસમા સ્થાને આવ્યા છે.

એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહમાં મુન્શી દેવાંગી સંજયભાઈ કેન્દ્રમાં નવમા સ્થાને આવ્યા છે.

એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં ઠાકર ધ્રુવ શ્રીકાંતભાઈ બોર્ડમાં દસમા અને કેન્દ્રમાં સાતમા સ્થાને આવ્યાં છે. કિનારીવાલા ઝંકૃતિ મહેશભાઈ કેન્દ્રમાં દસમા સ્થાને આવ્યાં છે. તેમની ઝળહળતી સિધ્ધિ માટે તેમને ખૂબ ધન્યવાદ.

શાળામાં નીચે પ્રમાણે વિદ્યાર્થી ભાઈબહેનોને ઈનામ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

(૧)ન્યુ એસ.એસ.સી.માં શાળામાં પ્રથમ આવનાર ઝવેરી જીનાલી હિરેનભાઈને સ્વ.કલ્યાણભાઈ ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫/- મળે છે.

(૨) એચએસ.સી. વિજ્ઞાનપ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થિની મુન્શી દેવાંગી સંજયભાઈને સ્વ.પન્નાબેન ગાંધીના સ્મરણાર્થે ઈનામ રૂ.૧૨૫/- મળે છે.

(૩) એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થી ઠાકર ધ્રુવ શ્રીકાંતભાઈને સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૨૫/- મળે છે.

(૪) ન્યુ એસ.એસ.સી,એચ.એસ.સી.વિજ્ઞાનપ્રવાહ અને એચ.એસ.સી. સામાન્ય પ્રવાહમાં શાળામાંથી બહેનોમાં પ્રથમ આવનાર નીચેની દરેક વિદ્યાર્થિનીઓને સ્વ.તનુલતાબેન પટેલના સ્મરણાર્થે રૂ. ૧૦૧/- નું ઈનામ મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | ન્યુ એસ.એસ.સી | ઝવેરી જીનાલી હિરેનભાઈ |
| (૨) | એચ.એસ.સી. વિજ્ઞાનપ્રવાહ | મુન્શી દેવાંગી સંજયભાઈ |
| (૩) | એચ.એસ.સી.સામાન્ય પ્રવાહ | કિનારીવાલા ઝંકૃતિ મહેશભાઈ |

(૫) ન્યુ એસ.એસ.સી.માં શાળમાં સંસ્કૃત વિષયમાં પ્રથમ આવનાર જોષી રીમા ચેતનકુમારને રૂ.૧૨૫/- અને દ્વિતીય આવનાર શાહ પ્રિયલનીતિનભાઈને રૂ.૧૦૧/- ના ઈનામો સ્વ.વલ્લભરામ વૈદ્યના સમરણાર્થે મળે છે.

(૬) ન્યુ એસ.એસ.સી.માં ગણિત વિજ્ઞાનના કુલ માર્ક્સમાં શાળામાં સૌથી વધુ માર્કસ મેળવતા ઝવેરી જીનાલી હિરેનભાઈને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે રૂ. ૧૦૧/- નું ઈનામ મળે છે.

(૭) ન્યુ એસ.એસ.સી.માં શાળામાં અંગ્રેજીમાં સૌથી વધુ ગુણ મેળવનાર મહેતા વૈદેહી રાજેશભાઈને સ્વ.પ્રમોદાબેન હીરાભાઈ દેસાઈના સ્મરણાર્થે ઈનામ રૂ. ૧૦૧/- મળે છે.

(૮) સ્વ.પ્રકાશભાઈ પંડિતના સ્મરણાર્થે એચ.એસ.સી.સામાન્ય પ્રવાહમાં બીઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં પ્રથમ આવનાર શાહ કૃપા પંકજભાઈને રૂ. ૧૨૫/- તથા દ્વિતીય આવનાર પટવા જીનાલી મયંકકુમારને રૂ. ૧૦૧/-નું ઈનામ મળે છે.

(૯) એચ.એસ.સી.વિજ્ઞાન પ્રવાહમાં ઈજનેરી તથા મેડિકલ માટેના મેરીટ લીસ્ટમાં શાળામાં સૌથી વધુ ગુણ મેળવનાર મુન્શી દેવાંગી સંજયભાઈને સ્વ. [illegible]મોદાબેન હીરાભાઈ દેસાઈનાં સ્મરણાર્થે રૂ. ૧૦૧/- નું ઈનામ મળે છે.

[illegible]) લલિતકલા ક્ષેત્રે આગવી સિધ્ધિ બદલ સ્વ.કાશીબેન વલ્લભરામ વૈદ્યના [illegible]ર્થે જોષી માનસીને પ્રથમ ઈનામ રૂ.૧૨૫/- તથા જોષી મૌલિને દ્વિતીય [illegible]૧૦૧/- મળે છે.

[illegible] વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.

**એકલવ્ય સ્કોલરશીપ**

એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી ધો.૮,૯,૧૦ અને ૧૧માં બેનોમાં પ્રથમ આવનારને ઉપરોક્ત સ્કોલરશીપ આપવામાં આવે છે. જેમાં નીચેની વિદ્યાર્થિનીઓને આ એકલવ્ય સ્કોલરશીપ મળે છે તે માટે તેમને ધન્યવાદ.

| | | | |
|---|---|---|---|
| (૧) | શાહ કક્ષા ભગીરથભાઈ | ધો.૮ | |
| (૨) | ઠાકોર શૈલી જયાંગભાઈ | ધો.૯ | |
| (૩) | ઝવેરી જીનાલી હિરેનભાઈ | ધો.૧૦ | |
| (૪) | શાહ ઉષ્મા દિપકભાઈ | ધો.૧૧ | વિજ્ઞાનપ્રવાહ |
| (૫) | દલાલ પૂજા કર્ણિકભાઈ | ધો.૧૧ | સામાન્ય પ્રવાહ |

૨૦૦૧માં લેવાયેલ એચ.એસ.સી. બોર્ડની સામાન્ય પ્રવાહની પરીક્ષામાં બેંકીંગ વિષયમાં ગાંધી શાલ્વી રૂપલભાઈને સૌથી પ્રથમ આવવા બદલ બોર્ડ તરફથી રૂ. ૧૫૧/- નું ઈનામ મળ્યું છે.

૨૦૦૩માં લેવાયેલ પ્રખરતા શોધ પરીક્ષામાં શાહ કક્ષા ભગીરથભાઈ ધો.૮ની પરીક્ષામાં રાજ્ય કક્ષાએ દ્વિતીય આવી છે.

**સૌ વિદ્યાર્થી ભાઈબહેનોને ધન્યવાદ.**

## અભિનંદન

વિવિધ ક્ષેત્રોમાં નીચેના વિદ્યાર્થીઓએ ગણનાપાત્ર સિધ્ધિ મેળવી છે. સૌને અભિનંદન.

| સંસ્થા | વિજેતા વિદ્યાર્થી | પારિતોષિક |
|---|---|---|
| | **ચિત્ર** | |
| અખિલ હિંદ મહિલા | ભટ્ટ અંશીની નિરવભાઈ | પ્રથમ |
| પરિષદ, અમદાવાદ શાખા | શાહ ભૂમિ રોનકકુમાર | દ્વિતીય |
| | જાની રાહિલ દર્શનભાઈ | આશ્વાસન |
| | શાહ ઋષ્વી નિલેશભાઈ | દ્વિતીય |
| | હેરમા દિપશ્રી શામજીભાઈ | આશ્વાસન |
| | **કરાટે** | |
| અર્જુન સ્કુલ ઓફ | બક્ષી શુભમ્ | ગ્રીન- II |
| માર્શલ આર્ટસ્ | લવિંગીયા રાજ | યલો- I |
| | પંચાલ અચ્યુત | બ્રાઉન |
| | ફોજદાર આત્મન્ | ગોલ્ડન બ્રાઉન |
| ગુજરાત સ્ટેટ એમેચ્યોર ટેકવેન્ડો એસોસીએશન | શાહ પૌરિન | બ્લ્યુ - I |
| | **ચેસ** | |
| ગુજરાત સ્ટેટ ચેસ | શાહ સ્વપ્નિલ | પ્રથમ અંડર - ૧૫ |
| એસોસીએશન | દલાલ પરીશા | ચોથું અંડર- ૧૭ |
| | દલાલ પરીશા | ત્રીજું અંડર - ૨૫ |
| | દલાલ પરીશા | ત્રીજું અંડર - ૧૯ |
| ન્યુ સમર્થ ચેસ ઈન્સ્ટીટયુટ | દલાલ પરીશા | દ્વિતીય |
| અમદાવાદ ચેસ એકેડમી | અહ્‌ન ભટ્ટ પ્રથમ | |
| એશિયન યુથ ચેસ ચેમ્પીયનશીપ | શાહ સ્વપ્નિલ | બારમું |
| | **સંગીત** | |
| વિઝન ૨૦૦૩ | દોશી વૃષાંકી | ત્રીજું |

**સૂચના :** આપનાં પાલ્ય માટે કંઈ પણ પ્રશ્ન હોય તો તે માટે સીધા વર્ગશિક્ષકને ન મળતાં ૪ થી ૫ માં મુખ્ય ઓફિસમાં ઊર્મિબેનને મળવું.

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : shardamandir@rediffmail.com